ફો.કે.નં. ૭૪૭૫/૧૮

<u>–:: આંક –૧ નીચે હુકમ ::–</u>

આરોપી વિરુધ્ધ જી.પી.૧૩૧

મુજબના ગુન્હાનો આરોપ છે.

કેસ ઘણો જુનો છે,રેકર્ડ અને પ્રોસીડીગ્સ જોતાં અનેક વખત આરોપીને પ્રોસેસ કાઢવા છતાં અને પુરતી તક આપવા છતાં પોલીસ પ્રોસેસની અસરકારક બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે, પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી. અને નિષ્કાળજી દાખવેલ છે. સંજોગો જોતાં આ કેસ પેન્ડીંગ રાખવામાં કોર્ટનો અને સ્ટેટના અધિકારીઓનો કીમતી સમય બગડે છે.

આ સબંધે નામ.ગુજરાત હાઈકોર્ટનો પત્ર નંબર ડી/૨૯૧૭/૨૦૦૬ તાઃ૨૭–૪–૦૬ વંચાણે લીધો.તેમજ નીચેના ચુકાદા ધ્યાને લીધો.

(૧) ૧૯૯૭(૩) જી.એલ.આર.–૧૯૪૬
સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ

(૨) ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯
પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક

ઉપરોકત પત્ર અને ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો અને આપેલ આદેશો ધ્યાને રાખી કી.પ્રો.કો.ક.૨૫૮ અન્વયે આ કેસનું આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>– :: હુ ક મ:: –</u>

ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી આરોપી સામેના જી.પી.૧૩૧ મુજબના ગુન્હાનું કામ બંધ કરવામાં આવે છે.આરોપી ભવિષ્યમાં મળી આવે તો ફરિયાદ પક્ષ ફરી કેસ ચાલુ કરી શકશે.

આ હુકમ આજ તા.૮/૧૨ /૨૦૧૮ નાંરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૮ /૧૨ /૨૦૧૮.
મુકામ : અમદાવાદ.

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)